ક્રમાંક/જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૦૯–૧૦/ 35

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
ઉધોગભવન,ગાંધીનગર
તારીખ::– ૦૭ –૯–૨૦૧૦

// પ રિ પ ત્ર //

વિષયઃ– નિગમની ઔધોગિક વસાહતોની આંતરમાળખાકીય સુવિધાઓ માટે " જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવેલ જમીનના " ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડ" બાબત.

સંદર્ભ::– ૧) પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૦૯–૧૦/૨૯, તા.૯–૭–૨૦૧૦.
૨) નિગમની ૪૫૦ મી સભા તા. ૩–૮–૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક–૧૧૦/વસુલાત/ ૪૫૦/૨૦૧૦.

નિગમની વસાહતોમાં ફાળવણી કરવામાં આવેલ ઔધોગિક પ્લોટ/શેડ અને અન્ય મિલ્કતો ધરાવતાં ફાળવણીદારો પાસેથી વસાહતના આધુનિકરણ માટે નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ જમે/વસુલાત/૨૦૦૯–૧૦/૦૫, તા.૮–૨–૨૦૧૦ મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડની વસુલાત કરવાની નીતિ છે. આ નીતિ મુજબ નિયમીત રીતે ફાળવણી થયેલ જમીન/ પ્લોટ અને "જેમ છે તેમ" ના ધોરણે ફાળવેલ જમીન ધારકો પાસેથી એક સરખી રીતે ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ ની રકમ વસુલ કરવાની જોગવાઈ હતી.

ત્યારબાદ, "જેમ છે તેમ" ના ધોરણે એકજથ્થે ફાળવણી કરવામાં આવેલ જમીનનાં ફાળવણીદારો તરફથી રજુઆત મળેલ કે આ રીતે ફાળવેલ જમીનમાં આંતરિક સેવાઓ વિકસાવવાની તેમજ તેની જાળવણી તેઓ ધ્વારા જ કરવાની થતી હોય અપગ્રેડેશન ફંડ પેટે ઓછી રકમ ચાર્જ કરવી જોઈએ. આ બાબતે નિગમની ૯–૬–૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૯ મી સભા સમક્ષ એક કાર્યસુચિ ક્રમાંકઃ ૨૧/વસુલાત/૪૪૯ સાદર કરવામાં આવેલ. જેના પર સભાએ પસાર કરેલ ઠરાવ ક્રમાંકઃ૮૯/વસુલાત/૪૪૯/૨૦૧૦ મુજબ "જેમ છે તેમ" ના ધોરણે ફાળવેલ ફાળવણીદારો પાસેથી અગાઉ નકકી કરેલ રુ.૫/– પ્રતિ ચો.મી.ના બદલે રુ.૨.૫૦ પ્રતિ ચો.મી. લેખે લેવાનું નકકી કરવામાં આવેલ. જેની જાણ ઉપરોકત સંદર્ભ–૧ ના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/ સીઆઈઆર/ વસુલાત/૨૦૦૯–૧૦/૨૯, તા.૯–૭–૨૦૧૦ થી કરવામાં આવેલ.

પરંતુ સદર ફાળવણીદારો પૈકી કેટલાક એકમો ધ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડની રકમ વસુલ ન કરવા બાબતે રજુઆતો કરવામાં આવતાં તેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકાની હદમાં આવતી વસાહતોમાં આવેલ ઉધોગકારોને ડબલ ટેક્ષ ભરપાઈ કરવાનો થતો હોવાથી આ બાબતે નિગમની તા.૩–૮–૨૦૧૦ ના રોજ મળેલ ૪૫૦ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ ૭/વસુલાત/૪૫૦ સાદર કરવામાં આવેલ જેના અનુસંધાને સભાએ અવલોકન કર્યુ કે " ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડ " અથવા

કોઈપણ અન્ય વેરો સામાન્ય રીતે વિતરણ કરેલ ક્ષેત્રફળ ઉપર નાંખવામાં આવે છે. સામાન્ય રીતે વસાહતની ૩૦% જમીન રસ્તાઓ, પી.પી.એરીયા, ગ્રીન સ્પેસ વિગેરમાં વપરાઈ જાય છે. અને બાકીની ૭૦% જમીનનુ વિતરણ થાય છે. "જેમ છે તેમ" ના ધોરણે ફાળવેલ જમીનોમાં નિગમ કોઈ આંતરસ્તરીય સગવડ આપતુ નથી. અને આંતરીક રસ્તાઓ વિગેરેની વ્યવસ્થા પણ ફાળવણીદારે જાતે કરવાની રહે છે. જેથી આવા કિસ્સામાં ફાળવેલ જમીનના ૭૦% વિસ્તાર ઉપર નકકી કરેલો " ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડ " વસુલ કરવો જોઈએ. ચર્ચાના અંતે નિગમની સભાએ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડ પેટે " જેમ છે તેમ " ના ધોરણે જે એકમોને જમીન ફાળવવામાં આવેલ છે તેવા એકમોને ફાળવેલ વિસ્તારના ૭૦% વિસ્તાર ઉપર રૂા.૨.૫૦ પ્રતિ ચો.મી ના ધોરણે વસુલ કરવાનું નકકી કરવામા આવેલ છે. આ રકમ પૈકી રૂા.૧/– પ્રતિ ચો.મી. સબંધિત ઔધોગિક વસાહત મંડળ/નોટીફાઈડ એરીયાને ફાળવવી અને બાકીના રૂા.૧.૫૦ સી.આઈ.પી. ના કામો માટે નિગમે આપેલ ફાળા પેટે નિગમે રાખવાની રહેશે. " જેમ છે તેમ " ના ધોરણે જમીનની ફાળવણી કર્યા સિવાયના એકમો પાસેથી રૂા.૫/– પ્રતિ ચો.મી. લેખે વસુલાત કરવાની જે નીતિ અમલમાં છે તે યથાવત રાખવામાં આવે છે. આ સિવાયની અગાઉ જારી કરવામાં આવેલ સૂચનાઓમાં કોઈ ફેરફાર થતો નથી, જેની નિગમના સર્વે અધિકારીઓએ નોંધ લેવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.........

નકલ રવાના ::–

**પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એશોસીએશન......** તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારુ.

રવાના કર્યુ

જનરલ મેનેજર (ઈએન્ડએ)

TO
AM(ALT)-II